Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# ઈતિહાસમાં ભારતીય અભિગમ- એક અભ્યાસ

ડો. નીલાબેન એસ. ઠાકર

આચાર્ય,

સરકારી આર્ટસ કોલેજ, વાવ (બનાસકાંઠા)

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ઇતિહાસની અનેક વ્યાખ્યાઓ કરાઇ છે. જેમાં ભારતિયો વિધ્વાનો એ પણ પોતાનાં મંતવ્યો આપ્યાં છે. પરંતુ, જે દેશનો ઈતિહાસ જાણવાનો હોય તે દેશની સંસ્કૃતિ, મુલ્યો, અભિગમો જે તે દેશવાસીઓની આંખે થી જોવાય તો ઈતિહાસનું સાચું તારણ મળે. અંગ્રેજ ઇતિહાસકારોનાં મત મુજબ "ભારતને તેનો ઈતિહાસ જ નથી." તે બાબતને આજે ખોટી ગણાવાઈ ચૂકી છે. માત્ર આધારસાધનો લેખિત મળે તોજ ઐતિહાસીક તથ્ય છે. તેમ કહેવું આજે ભૂલભરેલું છે. પરંતુ, ભારતનો અતિપ્રાચીન ઈતિહાસ અનેક શોધખોળોથી મળ્યો. અલબત વચ્ચે વચ્ચે ખુટતી કડીઓ રહેલી છે. પરંતુ, અતિ પ્રાચીનમાં પ્રાચીન જો કોઈની સંસ્કૃતિ હોય તો માત્ર ભારત અને ચીન ને જ પોતાનો પ્રાચીન વારસો છે. તેથી પ્રાચીન સંસ્કૃતિનાં આ બે જ મુખ્ય કેન્દ્રો સાબિત થયાં છે. ત્યારે કહી શકાય કે આપણાં પ્રાચીનગ્રંથો, પુરાણો, મહાકાવ્યો, વેદો એ શું છે? જેમાંથી આપણો વ્યવસ્થિત ઈતિહાસ હોવાનાં પ્રમાણો મળે છે.

કૃષ્ણદ્વૈપાયન વ્યાસનો મત છે કે "ઇતિહાસ પુરાણને ન જાણવાવાનો મનુષ્ય વિચક્ષણ નથી હોતો." (૧) હડપ્પન સંસ્કૃતિને જાણવા માટે તો પુરાતત્વીય અવશેષો પુષ્કળ પ્રમાણમાં છે. પરંતુ, વૈહિક સાહિત્યમાંથી સામાજિક, રાજકીય, ધાર્મિક, આર્થિક વગેરે માહિતી મળે છે. વેદો તત્કાલિન ઈતિહાસનું તો દર્શન કરાવે જ છે. પણ સાથે-સાથે સાહિત્યનાં પ્રેરણા સ્ત્રોત અને મૂલ્ય પ્રદાન કરનાર સાહિત્ય તરીકે પણ ભાગ ભજવી છે. વેદો, બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, પુરાણો, સ્મૃતિગ્રંથો, રામાયણ, મણભારત વગેરેનું ઐતિહાસીક મૂલ્ય પણ છે.

વેદમાં હરયુપિય અને દાસરાજ્ઞના યુધ્ધનો ઉલ્લેખ છે. રામાયણમાં આર્યોનાં દક્ષિણ તરફનાં ગમનનું, આર્ય-અનાર્ય સંમિલન માં સંઘર્ષ નો નિર્દેશ છે. જેમ હોમરનાં મહાકાવ્યો, ઈલિયડ અને ઓડેસીનાં આધારે થયેલટ્રોય નું સંશોધન તથા મિસેનાઈ સંસ્કૃતિની જાણકારી મળે છે. આમ સાહિત્ય અને ઈતિહાસ વચ્ચે ગાઢ સંબંધ છે. જેમ "પૃથ્વીરાજરાસો" સાહિત્યની અગ્રગણ્ય કૃતિ છે. ભલે વિદ્વાનો તેને સાહિત્યનો ભાગ બતાવતાં હોય પરંતુ

તેનું મૂળ કથાનક તો અસલ ઈતિહાસનું જ છે. પ્રથમ ઇતિહાસ સાહિત્યનાં અંગ તરીકે જ હતો. પ્રારંભિક અવસ્થાનો ઈતિહાસ રોચક કથાઓમાંથી મળતો. જયારે લેખન કલાનો વિકાસ નહોતો થયો ત્યારે મૌખિક પરંપરાથી જ ઈતિહાસ ટકી રહ્યો હતો.

ભારતનાં ઈતિહાસનો દીર્ઘકાળ સિંધુ-સંસ્કૃતિથી લઈએ તો પણ ત્રણ-ચાર હજાર વર્ષ જૂનો છે. સિંધુખીણની સંસ્કૃતિથી ભારતનો ઈતિહાસ મળે છે. તેટલો જુનો ઈતિહાસ વિશ્વનાં બહુ ઓછાં દેશને મળતો હેશે. પૌરાણિક ઈતિહાસ પાંચ હજાર વર્ષ પુરાણો છે. જેનાં મોટી સંખ્યામાં ગ્રંથો પણ લખાયાં હતાં. આબોહુવા અને દીર્ઘ સમય સુધી ઉથલપાથલો, અનેક પરદેશી આક્રમણો થયાં તેથી પ્રાચીન વારસાને, ગ્રંથોને નુકશાન પહોચ્યું. તેમ છતાં ભારતનો ઈતિહાસ અને પ્રજાના મૂળ સંસ્કારોનો વારસો જળવાઈ રહ્યો છે. એ ભારતનાં ઈતિહાસની લાક્ષણિક્તા છે.

**ભારતીય સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ:-**

ઋગ્વેદથી માંડીને આજ સુધીનો ભારતનો ઈતિહાસ તપાસીએ તો એક બાબત ચોક્કસ જોવા મળે કે અમુક લક્ષણો ભારતીય પ્રજામાં ત્યારે પણ હતાં. આજે પણ છે. દા.ત. સમભાવ, શાંતિ.

ભારતનો ઈતિહાસ સંસ્કૃતિનાં રંગો અને પ્રાદેશિકતાનાં રંગોથી રંગાયેલો છે. ભારતની શાંતિમય વિચાર સરણીએ ભારત માંથી કોઈ શાસકને દુનિયા જીતવાનાં વિચારો નથી આવવા દીધાં. વિવિધતા સભર, જાતિ, જ્ઞાતિ, ભાષા ભિન્નતા હોવાથી અમુક સમયે જુદાં-જુદાં વણાંકો આવ્યા. હુમલાખોરો ફાવ્યાં. એકબીજાએ ભાષા, જ્ઞાતિનાં હિસાબે અન્યને સાથ આપેલ ન હોય તેવુ બન્યું હશે. પરંતુ ભારતે કદી અન્ય દેશ પચાવી પાડવાં, ભુમિભુખ બતાવી નથી. એસિરિયા, મિસર, ગ્રીસ, રોમ, યુરોપ ની જેમ ભારતે અન્યપ્રાંતો જેવી રાજયસીમા લાલચ રાખી જ નહતી. પોતાનાં વિસ્તારથીજ આત્મસંતોષ માન્યો પરિણામે, ભારતમાં સિકંદર, નેપોલિયન કે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

હિટલર પેદા થયાં નહીં. ઈ.સ. ૧૯૬૫માં પાકિસ્તાન સાથે થયેલાં વિવાદમાં લાહોર આપી જ દીધું. તે તેનુ જીવંત ઉદહરણ છે.

દુનિયાનાં દરેક દેશને પોતાની લાક્ષણિક્તા છે તેમ ભારતમાં અનેક ધર્મોવાળી પંચરંગી પ્રજાને પણ આગવી લાક્ષણિકતા છે. અન્ય રાષ્ટ્રોનાં સંપર્ક છતાં ક્યારેય તેનાંથી ભારત પ્રભાવીત નથી બન્યું. અન્ય દેશો ભારતથી પ્રભાવિત થયાં છે. ભારતની લાક્ષણિકતામાં તેની પુરાણી સંસ્કૃતિનાં લક્ષણો છે. સત્યતા નીતિમતા, મર્યાદા, પુરષાર્થ, ત્યાગૃતિ, સંતોષ, ઇશ્વરનો ડર, યુધ્ધવિરોધી માનસ, સંસ્કૃતિનાં પાયાનાં આક્ષમ વ્યવસ્થાનાં લક્ષણો, ધર્મ, અર્થ, કામ મોક્ષનાં ખ્યાલો. જેમાં ઊંચા આદર્શો ભારતીય પ્રજા પર અનેક આક્રમણો થયા ગુલામ બનાવાયા છતાં જળવાઈ રહ્યાં છે.

પોતાનું ચિત્ર ધૂંધળું કે અસ્પષ્ટ નથી બનવા દીધું તેઓ પર અનેક રંગો ચડવા છતાં મૂળ નીચેનો રંગ કે પડ તો સુરક્ષિત જ રહ્યું

ઇતિહાસમાં ભારાતનો ઐતિહાસીક પ્રમાણો વાળો પ્રમાળભુત ઇતિહાસ ગણી શકાય તેવો કવિ કલ્હણ જે "રાજતરંગિણી" ગણી શકાય. મહકાવ્યો, પુરાણો, નાટકો, લોકક્થઓ વગેરે માંથી ઇતિહાસ લાવવો પડે તેમ છે.

પરદેશી મુસાફરોએ ભારતની પ્રાચીન વિદ્યાપીઠોનું જે વર્ણન કર્યું છે તે વિશ્વ વિખ્યાત વિદ્યાપીઠોમાં પુસ્તકાલયો હોવાનું નોંધે છે. તેમ સારા ઐતિહાસીક પુસ્તકો હશે માત્ર રયુ અને સાંગ ૬૫૭ હસ્તલિખીત ગ્રંથો પોતાની સાથે ચીન પરત ફરતાં લઈ ગયેલ. (૨) આ દેશે અનેક સંવતો આપેલા છે. જે ઈતિહાસનું મહત્વ સમજતાં હોય તો જ આપી શકાય. ભારતીય ઇતિહાસને બસો પાંચરનો વર્ષો એ જબરાં વણાંકો લીધં છે. તેનું કારણ રાજસતાનાં ધર્મવિષયક, જાતિવિષયક ફેરફારો થયા તે જ મુખ્ય હતું.

મધ્યકાલિન ભારત નો ઇતિહાસ અંગ્રેજ અને મુસ્લિમ ઇતિહાસકારોની કલમે લખાયેલ છે. પંડિત સુંદરલાલજી એ નોંધ્યું છે કે અંગ્રેજ, મુસ્લિમ ઇતિહાસકારો એ ભારતની નીતિ-રીતિ ને પૂરી સમજી શક્યા નહતા. અર્થનાં અનર્થો કરી નંખાયા હતાં. પ્રજાને તુચ્છ અને હલકી હોવાનું ચિત્ર ઉપસાવવા પ્રયત્ન કર્યો છે ભારતનાં ઇતિહાસને વિકૃત બનાવવામાં આવ્યો છે. તેટલો વિકૃત કદાચ દુનિયાનાં કોઈપણ દેશ કરાયો નથી.

છેક પ્રારંભથી ૧૬ મી સદી સુધી સતત સમૃધ્ધિની ટોચ પર આળોટતાં ભારતનાં પ્રમાણમાં પશ્ચિમ નાં રાષ્ટ્રો છેલ્લી ૨ થી ૩ સદી થી જ સ્વ-નિર્ભર થયાછે. ભારતે તેની સમૃધ્ધિનો જોઇએ તેવો ફાયદો ભાવિપેઢીને નથી આપ્યો. ભારત વાસીયો (અપવાદ સિવાય) એક થઇ શક્યા નથી. ભારાતનાં ઈતિહાસની તે કમનશીબ લાક્ષણિક્તા છે.

સતત વિદેશી જાતિનાં હુમલાઓ થયા તેમાં ભારત ધાર્મિક દ્રષ્ટિએ, ભૌગોલિક દ્રષ્ટિએ હાર્યુ નહોતું જેમકે સાતમી સદીમાં મહંમદ બિનકાસમે ભારતમા પગ મુક્યો ત્યારથી અકબર સુધીનાં ૮૦૦ વર્ષ આ મુસ્લિમો સાથે સતત સંઘર્ષ કરતાં રહ્યાં તેમાં રાજસતાત્મક લડાઈ માં હિંદુ હારતાં ગયાં. ધર્મસતાક લડત પણ લડતાં રહયાં. તેમાં મહારાણા પ્રતાપ તો

અકબર જેવાં સમર્થ રાજવી આથે ૨૨વર્ષ સુધી લડયાં છેલે આ ૮૦૦ વર્ષની લડાઇને અંતે અકબરે મિત્રતાનો હાથ ફેલાવી શાંત સામ્રાજ્યનો પયો નાખ્યો. આમ ભારતે હિંદુ ધર્મને ટકાવી રાખ્યો. તે તેની અગત્યની લાક્ષણિક્તા છે.

આધુનીક યુગમાં ભારતનાં ઈત્તિ નાં ઈતિહાસમાં ગુલામી, શોષણ, તિરસ્કાર આવ્યાં. જેની અસર ૨૦૦વર્ષ સુધી રહી. તેનાં હિસાબે ઘણાં ફેરફારો અને નુકશાન આ દેશને થયાં. આવાં સમયે શિક્ષણે ભારતને ઢંઢોળ્યું. અને વિવેકાનંદ, વ્યોમેશચંદ્ર, બેનરજી, તિલક, ગાંધી, સરદાર પટેલ વગેરે એ ગુલામીનો કાળ બદલ્યો. આ

લાક્ષણિક્તા સાથે તિથિ-ક્રમનો અભાવ, ધર્મની પ્રધાનતા, દેવ પરાયણાતા કેન્દ્રિયકરાનનો અભાવ વગેરે પણ ગણાળ શકાય તેમ છે .

ભારતનાં ઇતિહાસની પરંપરણત લાક્ષ્મલિકતાઓનો અભ્યાસ કરીને ઇતિહાસ વિષયક શોધ કરવી જોઈએ. જે તેને ઇતિહાસ સમજવામાં અને તેનું મૂલ્યાંકન કરવામા સરળતા રહે અને તેનાં મૂલ્યાંકનો સાચાં આવે રામાયણ અને મહાભારત માત્ર કથાવાર્તાનાં પાત્રો કરતાં ધાર્મિક પરિબળથી પ્રજાનું ઘડતર કરનાર મહાગ્રંથો છે. જેણે પ્રજાનું, ગુણોનુ ઘડતર કર્યું છે. જે આજે પણ પ્રસ્તુત છે.

અલબત ગ્રીસ કે ચીનનાં ઈતિહાસ કારોએ જે અહેવાલો આપ્યાં તેવાં પ્રાચીન ભારતનાં વિદ્વાનો એ આપ્યાં નથી. પણ પુરાણો, મહાકાવ્યો, ઉપનિષદોમાં જે. સાહિત્ય રચાયું તેનો શુક્ષ્મ અભ્યાસ કરાય તો તેમાં સંગ્રહીત થયેલાં જ્ઞાનેને આધારે આપણે એટલું ચોક્કસ કહી શકીએ કે પ્રાચીન ભારતનાં લોકો ને ઇતિહાસ ની સમજ હતી જ.

હ્યુ-એન-અંગે લખ્યું છે કે “ઘટનાઓનાં રેકોર્ડ માટે પ્રત્યેક દેશમાં તેને લખાણમાં સાચવવા માટે એક અધિકારી હોય છે. જેની રેકોર્ડ ની-લો-પી-ચ-અ (નીલપીટ) કરે છે. જેમાં આફતો અને ખુદકિસ્મતી બનાવો સહિત સારી અને માઠી ઘટનાં ઓનાં કથનો કરેલાં છે.” હ્યુ-એન-અંગ પાંચમી સદીમાં ભારતમાં આવેલ.

આ પુરાવો જ બતાવે છે કે ભારતનાં લોકોમાં ઈતિહાસની ઘટનાઓ નોંધી રાખવની ટેવ હતી જ. રાજદરબારમાં દફ્તરો રાખવામાં આવતાં. તેનો સબળ પુરાવો રૂદ્રદામનમાં ગિરનારનાં શૈલલેખમાં મળેછે. એમાં એક ક્ષત્રપ રાજા રૂદ્રદામા સુદર્શન તળાવ ને સમરાવે છે.” તેવી વિગતો છે.

જૈન સાધુઓ વિજ્ઞપ્તીપત્રો લખતાં જેમાં ચાલુ બનાવોની નોંધ અને વર્ણનને આપતાં. જૈનો સ્થવિરાવલીઓ, અને ગરછોની પટાવલિઓ લખતાં, સાચવતાં તેમાંથી પણ પુરાવો મળે છે. કે ભારતીય ઇતિહાસ લેખિત સ્વરૂપે છે.

૮૦ થી વધુ સંવતો રાજાઓએ ભારતમાંચલા થાં છે. એ જ રીતે દ્વાપર, ત્રેતાયુગ સતયુગ કલિયુત્ર જેવાં યુગો ઇતિહાસ દેષ્ટિ વિના પડી ગયા?

હકીકતે આપણાં વાતાવરણને, આપણાં સંજોગોને, આપણાં માહોલને તો આપણાં જ સ્ત્રોત માફક આવે. તે સનાતન દ્રષ્ટિબીંદુ સ્વિકારીને આપણાં શિક્ષણ- અન્વેપણનું માળખું ગોઠવવું જોઈએ. દા.ત. નાસિક અને પૂણેનાં ડિફેન્સ સ્ટડીઝનાં આભ્યાસક્રમમાં કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર' નો અને મહાભારામાં “શાંતિપર્વનો” થયેલો સમાવેશ આ દિશા તરફ જવાનું સ્તુત્ય પગલું પ્રશંસાહે છે. આપણાં રાજકીય ઇતિહાસમાં પરાજયોની ઘટનાનાં વર્ણન પર જેટલો ભાર મુકાયો તેટલો ઝોક આપણાં વિજયોની ઘટનાનાં આલેખન પર મૂકાયોનથી. તેથી બીજી કઈ વિડંબના હોઈ શકે?

ઉદાહરણરૂપે હાલનાં પાકિસ્તાનમાંથી નિષ્ફળ અને નિરાશ થઈને પાછાં વતન ફરેલાં ગ્રીકરાજવી સિકંદરની આપણાં દેશ પરની ચડાઈનો ઈતિહાસ જેટલાં ઉત્સાહથી શીખવવામાં આવેછે. તેનાથી અડધાં ભાગનો ઉત્સાહ પણ એ ગ્રીક રાજવીને (સિકંદર ધ ગ્રેટ જેને કહેવાય છે.) આપણાં સબળ, સક્ષમ અને હકીકતે મહાન રાજવી ચંદ્રગુપ્ત મૌર્ય હાંકી કાઢેલો તે પરત્વે દર્શાવાયો નથી.(૩)

એવી જ રીતે મહંમદ બીન કાસિમે સિંધ પર ચડાઈ કરી ત્યાંનો રાજા ધહિર હારી ગયો એ ઘટના ને આપણાં પશ્ચિમી પરસ્ત લેખકો એ ઇતિહાસનાં પૃષ્ઠો પર ચમકાવી છે. તેટલી પુલકેશી રાજે અરબ લશ્કરોને હરાવીને પાછાં કાઢ્યાં હતાં. તેમી નોંધ આપણે લીધી છે ખરી? (૪)

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ડૉ. રસેશ જમીનદારનાં ઉપરોકત ભારતીય આખીગળ ને આપણે નવેસરથી મૂકવાની તક અપનાવવાની જરૂર છે. ત્યારે દરેક કાળ, સમયનાં પ્રાચીન ભારતીય મહત્વ પણ શોધી-શોધી નવાં વિષયો દ્વારા ભારતીય બાબતોને ભારતીય અભિગમથી પુનઃ જીવીત કરી, તેનુ લેખન અને અભ્યાસ કરવા આવશ્યક બની રહે છે તે સહેજે લાગે છે.ભારતીય અભિગમથી આવા લેખકો નાં લખાયેલાં ગ્રંથો અભ્યાસનાં ભાગ તરીકે દખલ થવા જરૂરી છે. ડો. જમીનદારની જેમ ભારતીય સંશોધનકારોએ ઘણું લખ્યું છે. જેનું લિસ્ટ બનાવતાં પ્રાચીનયુગથી હાલસુધી ઘણાં નામો મળે છે. તેની વિગતવાર માહિતીથી તો ગ્રંથ બની જાય તેમ છે. પણ ઉપરછલ્લી વિગતો આપવામાં પણ આ તકે પૂર્ણ વિયોગ ન આપવા અંગે અફસોસ કરવો પડે તેવી સ્થિતિ છે

ભારત અને વિદ્વાપુરૂષો અને સંશોધકો આપેલાં છે. તેના અભ્યાસ ને દાખલ કરી શકાય તો ભારતિય અભિગમ અંગે યથાર્થ કામ થયું લેખે લાગે. ભારત વિશે જાણવા "અન્ય દેશોએ ભારત આવીને જ જાણી શકાય" તેવું વાતાવરણ નિર્માણ કરવાં હાલનાં કેતલાંક અભ્યાસનાં ભાગને બદલવાની જરૂર છે. કોઇપણ સંસ્કૃનો સીધો પડઘો તેનાં સાહિત્યમાં જીલાતો હોય છે. આપણી સંસ્કૃતિ કોઇ નષ્ટ કરી નથી શક્યું “સંસ્કૃતિ નષ્ટ કરવા જરૂરી છે જે તે દેશની ભાષા પર પ્રહાર કરવો.” જે હાલ માં હવે થઈ રહ્યો છે. ભાષા નષ્ટ થતાં ધીમે ધીમે પોતાનાં અભિગમો માતૃભાષા વગર ગુમાવશે કે નજીકનાં ભવિષ્યમાં જોવાનું રહે છે.

પ્રાચીન ભારતથી આજસુધીનાં વિભાગોમાં જે છે તેનું માત્ર શુક્ષ્મ નિરીક્ષણ થી અહેવાલ જોવાં જતાં (જેમાંથી ઘણું છોડી છોડી ને લેવાં જતાં પણ) અઢળક બાબતો ઇતિહાસ અંગે મળે છે. જે અપુજ્ય ગણીશકાય. જે નવી ટેક્નોલોજીનાં વાયરસ સ્કેનીંગ જેવું લાગે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**પ્રાચીન ભારત નો વારસો** : -

પ્રારને ભારતમાં લોકો સાલવારી મુજબ ક્રમબધ્ધ ઇતિહાસનાં બનાવોનો ઉલ્લેખ કરતાં આવ્યાં છે. જે જાણી શકાય છે. ઇતિહાસને મહ્ત્વ આપને તેને “પાંચમો વેદ" ગણ્યો છે. જેનો ઉલ્લેખ કૌટિલ્યના અર્થશાસ્ત્ર' માં (૧/૩) અને છાંદોગ્ય ઉપનિષદ (સાતમાં પ્રકરણમાં) કરાયો છે.

પુરાણોમાં વાયુ પુરાણે (૧/૨૦૧) અને પદમ પૂરાણે (૫/૨-૫૨) વેદોને સાચાં અર્થમાં સમજવાં ઇતિહાસનું અધ્યયન આવશ્યક ગણાવ્યું છે. પ્રાચીન સાહિત્યમાં જાણાવ્યા મુજબ રાજાઓ પોતાની દિનચર્યામાં ઇતિહાસનું (ઐતિહાસિક બાબતોનું) શ્રવણ કરવા પર્યાપ્ત સમય ફાળવતાં જ. વેદ પુરાણો, ઉપનિષદો, જ્યોતિષ બ્રહવિદ્યા સાથે ઈતિહાસનો દરેક્ને ફરજીયાત અભ્યાસ કરવો પડતો.

રાજતરંગિણીનાં લેખકે પ્રસ્તાવનામાંજ લખ્યું છે કે “આ ગ્રંથનાં આલેખન માં મેં ૧૧ પ્રાચિન ઐતિહાસિક ગ્રંથો નો ઉપયોગ કર્યો છે.” ચાલુકયવંશનાં શિલાલેખોમાં 200 વર્ષ પહેલાંનાં ચાલુક્ય રાજાની વિગતવાર માહિતી છે. જૈન કાલિન “મંજુશ્રી મૂળ કલ્પ” ગ્રંથ માં ગુપ્ત રાજાઓનો લેખિત સ્વરૂપે ઇતિહાસ મળે છે.

મહાભારતમાં સ્પષ્ટ જણાવાયું છેકે "હતિહાસ पुराणाभ्यां " १८ पुराणायां सराभवशोना थस्त्रिावों ઉલોવ છે .

રામાયણ ઈશ્વાકુ વંશના રાજા દશરથ અને મહાભારત પૌરવવંશવાં પાંડવ-કૌરવ શાખનાં રાજવંશોની વિગત આપે છે.

જૈન-અને બૌધ્ધ સાહિત્ય માં ‘પરિશિષ્ટપર્વ’, હેમચંદ્રાચાર્ય ની ઇતિ માં સમ્રાટોની વિગતો આપાઈ છે. સમકાલિન રાજવીઓની મહિતી પણ છે. 'ભદ્રબાહુચરિત' આગમ સાહિત્ય (૪૫), કલ્પસૂત્ર, ત્રિપિટક, બુદ્ધના વિનયપિટ્ટક, જાતકકથાઓ, દીપવંશ -મહાવંશમાં શ્રીલંકા અને ભારતનાં સંબંધો, ઈ.સ. પૂર્વે ૩જી સદીમાં સંસ્કૃતમાં

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

'અશોકાવદાન' નેપાળ થી મળે છે. 'કુણાલાવદાન' માં મૌર્ય વિશેની માહિતી મળે છે. હર્ષચરિયત - વાક્પતિરાજનું 'ગઉડબહો' માં યશોવર્માનાં દિગ્વીજ્યોનું વર્ણન છે. પદમગુપ્ત પરિમલ દ્વારા 'નવસાહસાંકચરિત' માં પરમાર વંશનો ઇતિહાસ બિલ્હણનાં' 'વિક્રમાંકચરિત' માં કલ્યાણીનાં ચાલુક્યવંશનાં ઈતિહાસનું જ્ઞાન પૃથ્વીરાજ વિજય-જયરથનું જયસિંહસુરિનું 'હમીરમર્દન' મેરૂતુંગનું 'પ્રબંધ ચિંતામણી' વગેરે અનેક ગ્રંથોમાંથી ભરપુર સામગ્રી મળે છે.

નાટકો- કાવ્યોમાં ભાસ, વિષ્ણુશર્મ, વિશાખાદત, પાણિનિ, પતંજલિ પ્રાચીન ભારત નાં ઇતિહાસ આલેખન માં ઉપયોગી છે. ઉપરાંત વિદેશી પ્રવાસીઓનાં પ્રવાસવર્ણનો, સ્મારકો, સિક્કાઓ, ખોદકામનાં અવશેષો, અભિલેખો જેવી

આધુનીક સામગ્રીઓમાં પણ અનેક ભારતીય લેખકોએ ઘણું કામ કરેલ છે. ડૉ. એન. ઘોષ, ડૉ. કે. પી. જયસ્વાલ, ડૉ દિક્ષીતાર, ડૉ. જે જે અંજારિયા, ડૉ. આર. કે. મુખર્જી, ડૉ. બેની પ્રસાદ, ડૉ. ભાંડારકર, ડૉ. ડી. એન. ઝા., ડૉ. દેવીહૂતિ તેમજ અનેક સંસ્થાઓ માં રોયલ એશિયાટિક સોસાયટી, પુનાની ભાંડારકર ઓરિએન્ટલ સંસ્થા, કે. પી. જયસ્વાલ સંશોધન સંસ્થા, ભો. જે. અધ્યયન સંશોધન ભવન, નામાંકિત જર્નલો, અખિલ ભારતીય ઇતિહાસ પરિષદોનાં સંશોધનો માંથી આમ નિત્યજા થતો ભારતીય અભિગમ ઉજાગર કરવા ઘણી શક્યતાઓ રહેલી છે.

૧૯મી, ૨૦મી સદીનાં વિશ્વવ્યાપી ઉત્ખનનોમાંથી પ્રાચીન ભારતીય બેબિલોનિયન, એસિરીયન હડપ્પીય સંસ્કૃતિઓ પ્રકાશમાં આવી. World History માં નવાં પ્રકરણો ઉમેરાયા. શ્રી રખાલદાસ બેનર્જી, દિક્ષીતજી જેવા ભારતીયો જહોન માર્શલનાં અધ્યક્ષ પદે પુરાતત્વ ખાતામાં સાથે રહી ખોદકામ માં જોડાતા. ૧૯૨૧માં ડો.રાયબહાદુર દયારામ સાહાણીએ પશ્ચિમ પંજાબનાં મોન્ટેગો મેરી જિલ્લામાં રાવી નદીનાં દક્ષિણ કિનારે

ખોદકામ થી હડપ્પા અને ૧૯૨૨ માં ડૉ. રખાલદાસ બેનર્જી એ સિંધ (પાકિ.) લારખાના જિલ્લા, સિંધુનદીની ખીણમાં મોહે જો દડો (મરેલાંનો ટેકરો) સંસ્કૃતી પ્રકાશમાં આવી. ગરવા ઇતિહાસમાં નવું પ્રકરણ ઉમેરાયું. આથી આર્યોના આગમનથી દોઢ હજાર વર્ષ જેટલા ભારતનાં ઇતિહાસને લઈ જવો પડયો. પ્રાચીન સંસ્કૃતિનાં સૌપ્રથમ અવશેષો 'હડપ્પા સંસ્કૃતિ' તરીકે ઓળખાય છે. જેમાં ડો. આર. સી. મજુમદારે જાહેર સભાખંડો, ૫૦૦૦ વર્ષોથી તાપ, તડકો, ઋતુઓથી પાયમાલ સ્નાનાગારની બાંધણીની મજબૂતાઈની પ્રશંસા કરી છે. મોહેંજો-દડો, હડપ્પાં, લોથલ એ વેપારનાં પ્રસિધ્ધ નગરો હતાં.

ડૉ. રખાલદાસ, ડૉ. આહાણી ડૉ. દિક્ષિત જેવાં વિદ્વાન પુરાતત્વવિદોએ પંજાબ | સિંધીનાં ઉત્ખનન થી ભારત્ની સૌપ્રથમ સંસ્કૃતિ ના મંડાણ ગણાવે છે. પ્રૉ. શર્મા તેને "શાંતિનો ઇતહાસ યુધ્ધો નો નહીં" તેમ મંતવ્યઆપે છે.

વેદોમાં પ્રૉ. ડી. એનઝા અને ડૉ. બેનીપ્રસાદ પિતૃપ્રધાન સામજીક સ્વાતંત્ર્યવાળા,, આર્થિક સ્વાવલંબી, પશુપાલન, વેપાર, હુન્નર ઉદ્યોગવાળા લોકો હોવાનું સમર્થન આપે છે.

ડૉ. રાયચૌધરી, એચ. સી., વૈદિક સાહિત્યને શ્રુતિ/સ્મૃતિ સાહિત્ય બે વિભાગ માં ગણાવે છે. શ્રુતિ માં જર્વદો, બ્રાહ્મણગ્રંથો આરણ્યકો, ઉપનિષદો સ્મૃતિમાં વેદાંગ (૬), ઉપનિષદો, સૂત્રગ્રંથો, ષડદર્શનો, પુરાણો, સ્મૃતિઓ (નારદ, બૃહસ્પતિ વગેરે) ગણાવે છે.

ડૉ. બી.એને બુનિયાનાં મતે " વિશ્વનાં ઈતિહાસમાં આર્યોનું સાહિત્ય પ્રાચિન તુલનામાં શ્રેષ્ઠ છે." ભારતનાં ૧૬ સંસ્કારો જ પુરૂષાર્થો ને પણ એટલું જ મહત્વ છે.

ગૌતમ બુધ્ધનાં ધર્મસુધારણા પ્રદાનમાં જ્ઞાતિપ્રથા વિરોધ, ધર્મ વિકૃતિનો વિરોધ, નૈતિક ગુણો પર પ્રભુત્વ, સમાનતા, આડંબર ને પડકાર, સાદાં સરળ વ્યાવહારિક ધર્મ, લોકશાહી ની તત્વોવાળી વિચારધારા આપે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

જેમાં અશોક જેવાં રાજવી ઓનો ધર્મ મદદગાર થાય છે.

સંગમયુગનાં ૩ વિભાગોમાં પ્રથમ સંગમ માં તમીલ સાહિત્યકૃતિઓ, શિલ્પકૃતિઓ, તેલુગુ, કન્ડ, મલયાલમ માં પણ વિપુલ સાધનો મળે છે. મદુરા તેનુ કેન્દ્ર. ઇ.સ. ૫૦૦ પૂર્વેથી ઇ.સ. ૫૬૦ સુધી ૧૦૦૦ વર્ષોનો ઈતિવસ મળે છે. સંગમ વિદ્યાપીઠ માં ૪૪૯૯ લેખકોએ ૪૪૦૦ વર્ષ જ્ઞાન - સાધના કરી. એકપણ કૃતિ ઉપલબ્ધ નથી. મદુરા સમુદ્રમાં ડૂબી ગયું. દ્વિતીય સંગમ યુગ ગયાપુરનું  પણ એવું જ થયું ૩૦૦૦ કવિઓએ ૩૦૦૦ વર્ષ આરાધના કરી ૮૧૪૯ અમૂલ્ય ગ્રંથોનું આ વિદ્યાપીઠમાં પુસ્તકાલય હતું ત્રીજી સંગમ અંગે હાલમાં મદુરામાં ૪૪૯ કવિએ ૧૮૫૦ વર્ષ રચના કરતાં રહ્યા. જેમાં વિખ્યાત તિરૈવલ્લુવરની 'કુરલ' પ્રખ્યાત બની. જે ‘નાનોવેદ’ તરીકે ઓળખાઇ.

મૌર્યતર યુગમાં અશ્વઘોષ કનિષ્કનાં રાજ્ય અમલની સાહિત્યક પ્રગતિનો અગ્રદૂત હતો. તેનું ‘બુધ્ધચરિત’ વાલ્મિકીકૃત રામાયણ સાથે સરખાવાયુ છે. બૌધ્ધ ધર્મનાં માર્ટિન લ્યુથર તરીકે “નાગાર્જુન ને ઓળખાય છે. જે મહાન વિદ્વાન હતો. તેથી મહાનકૃતિ “માધ્યમિક સૂત્ર” માં સાપેક્ષવાદનો સિંધ્ધાત ચર્ચે છે. તેથી તેને “ભારતનો આઈન્સ્ટાઇન કહેવાય છે. તેણે ૨૦ બોધ્ધગ્રંથો લખ્યાં છે. વસુમિત્ર પણ કનિષ્કનાં સમયમાં બૌધ્ધ ત્રિપિટક પર "મહાવિભાષા” ગ્રંથ સંકલન કરેલું. આ ગ્રંથને “બૌધ્ધ ધર્મનો વિશ્વકોશ” માનવામાં આવે છે. ચરક, રાજવૈદ, સંઘરથી ખાનગી મિત્ર હતો. કનિષ્કનાં સફળ શાસનમાં એકપણ બળવો થયો નહતો. તેથી “કુષાણ વંશનો અકબર" તે ગણાય છે. ડૉ. એચ.સી. રાયચૌધરી નોંધે છે કે ઈતિહાસમાં તેની સાચી મહત્વતા યશસ્વી વિજયોકે કુશળ શાસનતંત્રને આભારી નથી. તેની બૌધ્ધ ધર્મ પ્રત્યેથી સેવાને આભારી છે. તેથી તે “બીજા અશોક" થી ઓળખાય છે. વસુમિત્ર, નાગાર્જુન, જેવાં કલાધરો તેનાં દરબારમાં હતાં. તેને “શક સંવત" નો પ્રવર્તક ગણાય છે. જે શિલ્પકલા ક્ષેત્રે ગાંધારશૈલીનો આશ્રય દાતા હતો.

સાતવાહનવંશ, ગુપ્તવંશ નો ઇતિહાસ તપાસતાં સુવર્ણયુગ તો અનેક ક્ષેત્રે સુવર્ણયુગ જ હતો જે સર્વ વિદીત છે. ખગોળ, ગણિત, આયુર્વેદ જેવાં ક્ષેત્રોમાં વરાહમિહીર આર્યભટ્ટ, નાગાર્જુન, વાગભટ્ટ, ધન્વંતરી, પાલકાવ્ય, શાંલિહોત્ર, ઉતમ વિદ્વાનો હતાં. જેની અનેક રચનાઓ સાથે યુગકવિ કાલિદાસની કૃતિઓ વગેરે ઉત્તમ ઈતિહાસ કથાઓ ચરિત્રો ધરાવતા સાહિત્યિક આધારોથી ડૉ. રશેસ જમીનદારે તેનો ઇતિહાસ આલખ્યો છે.

હર્ષ પોતે પણ કવિ હતા. તેમાં રાજ્ય દરબાર માં બાણ, મયુર, માતંગ, દિવાકર, જયસેન, ભુષણભટ્ટ જેવાં તે સમયનાં વિદ્વાનો હતા. નાલંદા (બિદાર, પટણા માં રાજગૃહી ની ૧૧કિ.મી. ઉતરે બડગાંવ) માં છે. હ્યુ. એન. અંગે નોંધ્યા મુજબ તેનાં નિભાવ માટે તેને હર્ષે ૧૦૦ ગામની ભેટે આપેલી હતી. જેમા વેદ, વેદાંત, હેતુવિદ્યા, શબ્દવિદ્યા, સાંપય, ધર્મશાસ્ત્ર, પુરાણ, ખગોળ, જ્યોતિષ વગેરે શીખવતાં.

દક્ષિણનાં ચોલ, ચેર, રાજપોમાં રજપૂત રાજ્યોનાં પરમાર રાજ્ય (માળવા) વગેરેનાં ઇતિહાસ તપાસતાં તમામ સમયે ભારતીય સાહિત્ય સર્જનો માંથી ઇતિહાસ જાણવા મળે છે. આમ છતાં ભારતીય લોકોને ઇતિહાસનાં ઉત્ખનન અને સંગ્રહસ્થાનો, પુરતત્વીય સંગ્રહાલયો વિશે જાગૃત કરવામાં અંગ્રેજોનો ફાળો હતો. જેથી આપણે વધુ સજાગ બનતાં ગયાં (ઈતિહાસ બાબતે) પરંતુ તેમાં પણ કેટલાંક હિંદુસ્તાની લોકો ગળાડુબ પડેલાં જ હતાં.

**સમર્થ ઇતિહાસકારો**: પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી (ઇ.સ. ૧૮૩૯-૮૮) જ્યારે સંશોધન શબ્દનો અર્થ હજુ બહુ પ્રચલીત નહોતો કે ઐતિણસીક સંશોધન ક્ષેત્રમાં કોઈ ભારતીય વિદ્વાને ડગલાં માંડયા નહોતાં ત્યારે જૂનાગઢમાં તા. ૭/૧૧/૩૯ પ્રશ્નોરાં નાગર બ્રાહમણ જ્યોતિની ભગવાનબાલનોં ત્રીજા પુત્ર તરીકે જન્મ થયો. અજોડ સિક્કાશાસ્ત્રી અંગ્રેજી વાંચી શીખીને સમજી  શકતાં. પિતાં વિદ્વાન સંસ્કૃતનાં શાસ્ત્રી હતાં અશોકનો શિલાલેખ ઉકેલવાની તાલાવેલીથી તેને કર્નલટોડ દ્વારા જેમ્સ પ્રિન્સેવને ઈ.સ ૧૮૩૭ માં બોલાવતાં ઉકેલાવ્યો હતો અનેક રાજયનાં પ્રવાસો કરીને શ્રેષ્ઠ ૪૦થી ૪૫ ગ્રંથો લખ્યાં છે. ૧૮૭૭ માં "ગુજરાત અને માળવાવાં ગધૈયા સિક્કા"

અને ૩૬ અભિ લેખોની નકલો વિશે ઉકેલ આપેલ છે. (૫)

ગુજરાતનાં પ્રાચિન સળંગ ઇતિહાસ માટે ડો. ભગવાન સામગ્રી આપી. મોટાં ભાઈએ "નિઘંટુ સંગ્રહ" ૧૮૯૩માં આપ્યો. ડો. ભગવાનલાલજીની સામગ્રીથી જ બોમ્બે ગેઝેટિયરવોલ્યૂમ-૧ નો ભાગ -૧ લખાયો. જે પ્રાકાશન જોવાં તે હયાત ન રહ્યા. ઈ.સ. ૧૮૮૮ માં મૃત્યુ પામ્યા. સોપારામાંથી અશોકનો શિલાલેખ, જુનાગઢમાં બોરિયા સ્તૂપ નુ ઉત્ખનન તેણે કરાવેલું (૬). ઇ.સ. ૧૮૭૮માં જડેશ્વર મહાદેવ મંદિર ગીરનાર જવાનાં રસ્તે સુદર્શન તળાવનો સેતુ દર્શાવે છે. તેની શક્તિની ભારત અને વિદેશોમાં કદર થઈ હતી. ૧૮૭૭ મુંબઈની રોયલ એશિયાટીક સોસાયટીએ તેને માનદ સભ્ય બનાવ્યા, નેધરલેન્ડ ઇન્ડિયાનાં ફાઈલોલોજી, જયોગ્રાફી અને એથ્નોલોજીમાં રોયલ ઇન્સ્ટીટ્યુટ બોર્ડે પરદેશી સભ્ય ૧૮૮૩માં બનાવ્યા જર્મનીની

લીડન યુનિ. એ પીએચ.ડી. ની માનદ પદવી આપી. ડો. ભાઉદાજી તેનાં મિત્ર, ગુરુ તેને ૧૮૬૧ માં મુંબઇ તેડાવી સંસોધનનાં કામે લગાડ્યાં. તેનાં અવસાનબાદ દુર્ગાશંકર શાસ્ત્રી, બળવંતરાય ક. ઠાકોરે તેને શ્રેષ્ઠ હોવા વિશે અંજલિયો આપી છે.

એવાં અનેક ઐતિહાસીક સંશોધક લેખકોની યાદી ઘણી લાંબી થવા જાય છે જેમાં શ્રી રોમેશચંદ્ર દત (૧૮૪૮-૧૯૦૯) જેણે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ, બ્રિટીશ ભારતનો આર્થિક ઇતિહાસ, કર્ઝન ને પત્રો, દુષ્કાળ, બંગાળી સાહિત્ય વિશે અમુલ્ય કામ કરેલું છે. શ્રી ગોવિંદ સખારામ સરદેસાઈએ પેશ્વા દફ્તરોનું સંકલન/પ્રકાશન, પૂનાની અંગ્રેજ કોઠીનાં પત્ર વ્યવહારનું પ્રકાશન, મરાઠા ઓનો નૂતન અભ્યાસ શ્રી જદુનાથ સરકારે અનેક લેખો અને પુસ્તકો લીને કરેલ છે. કેમ્બ્રિજ ઈતિહાસની ગ્રંથમાળામાં મુગલયુગ/મરાઠા વિશે કામ કર્યું છે. શ્રી રાધાકુમુદ મુખર્જી (ઇ.સ. ૧૮૮૦-૧૯૬૩) પ્રાચીન રાજાનાં જીવનચરિત્રો, વિભુતિઓ, ગુપ્તો દરિયાઈ પ્રવૃતિઓનો ઇતિહાસ પર પ્રકાશ પાડયો છે. જેને ભારત સરકારે 'પદ્મભૂષણ' પદવીથી સન્માનીત કર્યા છે.(૭)

ડો. રમેશચંદ્ર મજુમદાર (૧૮૮૮-૧૯૮૦) જેણે "પ્રાચીન ભારત માં સંધજીવન" ગ્રંથ આલેખનમાં અભિલેખો તથા સાહિત્યિક આધાર સામગ્રીનો ઉપયોગ કર્યો છે. (૮) પ્રાચીન બંગાળનો ઇતિહાસ મહાભારત કલ્પના અને હક્કિત, ૧૮૫૭ બળવો, વિવેકાનંદ, સ્વાતંત્ર્ય ચળવળ, ઇતિહાસ લેખન

વિદ્યા, "ભારતીય પ્રજાનો ઈતિહાસ અને સંસ્કૃતિ" ૧૧ ભાગમાં ગ્રંથમાળા રૂપે વૈદિકયુગથી આઝાદી સૂધી સંપાદિત કરવાની હતી. તેમાં ગ્રંથ ૯ નાં ૩૮ માંથી ૩૪, ગ્રંથ ૧૦નાં ૧૭ માંથી બધાજ, ગ્રંથ ૧૧માં ૪૫ માંથી ૪૧, ગ્રંથ ૯નાં ૧૦૦ પ્રકરણો માંથી ૯૨ પોતે લખ્યાં છેં. (૯) ડો. ભટ્ટ પદવી મેળવનાર. U-N-O ની 'યુનેસ્કો' એ 'માનવીના ઇતિહાસ' આલેખનમાં ઉપપ્રમુખ બનાવી ભારતીય ઇતિહાસ કારનું બહુમાન કર્યું. કલક્તાની સંસ્કૃત કોલજે તેને " ભારતીય તત્વ ભાસ્કર" નું બિરૂદ આપી તેનું સમન કર્યું હતું.

શ્રી ધર્માનંદ કોસમ્બી, શ્રી એમ. એસ. કોમિસેરિયટ, શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી, શ્રી રસિકલાલ પરીખ, ડો. હરિપ્રસાદ શાસ્ત્રી, શ્રી જી. એસ. સરદેસાઈ વગેરે અસંખ્ય ઇતિહાસ વિરો ભારતીય અભિગમથી જ આગળ વધેલાં છે.

હાલમાં પ્રાચીન ગુજરાતનાં ઈતિહાસની ખુટતી કડી ઓ વિશે વિચારાઈ રહ્યુ છે. ગુજરાતનાં ઇતિહાસ માટે મૌખિક ઇતિહાસ (Oral History) ની અગત્યતા ઓછી નથી. કઠયાવાડી ડિંગળ સાહિત્ય, લોકગીતો ચારણી સાહિત્ય, ખ્યાત, વહિવંચા બારોટોનું કામ, રૂકાઓ, જન્મપત્રિકાઓ, લોકોકિત, લોકગાથાઓમાંથી ઘાણું પ્રાપ્ય છે. ઝવેરચંદ મેધાણીનાં મતે વિશેષ સંસ્કાર ધન ઈતિવાસ ધન આ બધામાં આવપ્રીછયુ પડેલું છે. (૧૦)

રાજસ્થાનનાં ઈતિહાસમાં ડૉ. ગૌરીશંકર ઓઝાએ લખેલાં ઇતિહાસમાં ગીતો ને અગત્યનાં સાધન તરીકે લીધાં છે. હજારો ડિંગળી બોલિના ગીતો માંથી દાનવીર, રાજાઓ, સેનાપતિઓ, રાણીઓ વિશે જાણવા મળે છે.

જેનો ઉપયોગ કરતાં પહેલાં અર્થ બરાવર થવો જોઈએ. પશ્ચિમી વિદ્વાનોનો આરોપ ડિંગળસાહિત્ય પર લાગુ પડતો નથી. પ્રચૂર માત્રામાં ૧૫મી સદીનાં ઉતરાધ થી ૧૯મી સદીનાં મધ્યાંતર (૪૦૦ વર્ષનાં) નાં યુધ્ધો ધાર્મિક-રાજકીય વિચારોનો પૂર્ણ વૃતાંત ડિંગળસાહિત્ય માંથી મળે છે. ઈસ્લામ યુગના ઇતિહાસ માં અપૂર્ણ અને એકપક્ષીય લખાણ છે. મધ્યયુગના સાચાં ઈતિહાસ માટે ડિંગળ સાહિત્યની શોધખોળ કરવી જરૂરી છે. (૧૧)

જસમા ઓડણ, ચેલૈયાનુ હાલરડું, સહસ્ત્રલીંગ તળાવમાં માયા હરિજનનું બલિદાન વાળુ “માયાવેલ” ગીત રચાયું. માધવવાવ (વઢવાણ) માં બલિદાનો, વુભૂતીઓનાં ગીતો, દુહાઓ ને હજી ઇતિહાસનો સ્પર્શ અપાયોજ નથી.

આવી સદી ભારતીય અભિગમની જ હશે. વિશ્વને ભારત તરફ વળવું પડશે. તેનાં અણસાર દેખાય જ છે. પ્રાચીન સંસ્કાર ઘડતરનાં નમૂના રૂપે તાજાં-૧૩/૨/૦૯નાં શુક્રવારનાં ગુજરાત સમાચારમાં "ન્યૂઝ ફોક્સ" માં (૧૨) સુપર્શ્વ મહેતા એ લંડનનાં ફાઇનાંન્સીયલ કન્સલ્ટન્સી ચલાવતાં પર્સનલ મેનેજમેન્ટનાં નિષ્ણાંત જેમ્સ મોન્ટિયર ફી લઈને પરિગ્રહ ઘટાડવાની સલાહ આપે છે. તે અંગે લેખ લખ્યો છે. જેનાં વિશે અપરિગ્રહ આપણાં પ્રાચીન લક્ષણોમાંનો છેં. જેને ગાંધીજી એ પણ સ્વિકારેલો. (તેનાં ૧૧ નિયમોમાં) ભારતનાં અભિગમો મહામંદીનાં ઉકેલ લાવી શકનાર હોવાનું આજે વર્તમાન સમયમાં સત્ય પૂરવાર થઈ જ રહ્યું છે.

## સંદર્ભ સૂચિ

૧) પંડિત ભગવદત ‘लारतवर्ष का बृहद इतिहास.’ ભાગ-૧. પૃ. ૨૪. (હિન્દી)

૨) ખાચર પ્રદ્યુમ્ન ભ. ‘પ્રાચીન ભારતનાં વિદેશીયાત્રી’ સણોસરા, ઇ.સ. ૨૦૦૦. પૃ. ૫૭.

3) વ્યાસ હસમુખ (સંપા.) ‘સંશોધન’ ત્રૈમાસિક ધોરાજી એપ્રિલ - જુન- ૨૦૦૨. ડૉ.જમીનદારનો લખ. પૃ. ૬.

4) એજનં પૃ. ૬

૫) વ્યાસ હસમુખ (સંપા.) ‘સંશોધન’ પૂર્વોક્ત ઓકચે ડિસે. ૨૦૦૨. પૃ. ૪૫.

૬) ગુજરાતનો રાજકીય, સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ ૨ (ભો. જે. વિદ્યાભવન -અમદાવાદ) પૃ ૩૧૧.

૭) વર્મા કુલદેવસહાય અને શ્રીવાસ્તવ મુકુંદીલાલ (સંપા.) વિશ્વકોશ ખંડ-૯ નાગરી પ્રચારિણી સાભા-વારાણસી ૧૯૬૭. પૃ. ૩૧૬ (હિન્દી).

૮) Mathur. L. P. ‘Historiography and Historians of modern India’ inner-India Publications. Mew Dehi. 1987. P.223 (Eng)

૯) ધારૈયા આર. કે. "ઇતિહાસનું તત્વજ્ઞાન અને ઇતિહાસ લેખન અભિગમ" યુનિ ગ્રંથ બોર્ડ અમદાવાદ ૧૯૮૩ પૃ ૪૩૭/૩૮.

૧૦) મેઘાણી ઝવેરચંદ ‘ચારણો અને ચારણી સાહિત્ય’ પૃ. ૪.

૧૧) મેનારિયા મોતીલાલ. “રાજસ્થાની ભાષા અને સાહિત્ય”. પૃ ૬૩/૬૪.

૧૨) ગુજરાત સમાચાર-દૈનિક-સંપા. પ્રકાશક શ્રી શાહ શ્રેયાંસ રાજકોટ તા. ૧૨/૨/૦૯ પૃ. ૧૦.